<u>ફોજદારી કેસ નં. ૬૯૩/૨૦૨૬</u>

**મે. નવસારીના અધિક જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં**

**આંક–**

**ફરિયાદી :– શ્રી સરકાર**

વિરૂધ્ધ

**આરોપી :– સુરેખાબેન સંજયભાઇ હળપતિ**

**<u>ગુનો :– ધી ગુજરાત પ્રોહિબિશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબ.</u>**

**:: ચુકાદો ::**

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ફરિયાદ મુજબના બનાવ સ્થળે અને સમયે પોતાના કબજામાં પ્રતિબંધિત દારૂનો જથ્થો કોઇપણ પ્રકારની પાસ પરમીટ વગર રાખી પકડાઇ જતા આરોપી સામે **ધી ગુજરાત પ્રોહિબિશન એકટની કલમ–૬૫(એ)(એ)** મુજબનો શિક્ષાપાત્ર ગુનો નોંધાયેલ, જે ગુના સબબ ત.ક.અ.શ્રી દ્વારા ગુનાની તપાસ કરી અત્રેની અદાલત સમક્ષ આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ હાજર થતા તેમને પોલીસ પેપર્સની નકલો પુરી પાડયાની ખાત્રી કર્યાબાદ આરોપીએ ગુના કબૂલાતની પુરસીસ સ્વેચ્છાએ રજૂ કરતા આરોપીની પ્લી લઇ ગુના અંગે પુછતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબૂલ હોવાનું જણાવેલ છે. આરોપીએ કરેલી કબૂલાત એ કોઇના દાબ, દબાણ વગર સ્વેચ્છાએ કરેલ હોય, તે નહી માનવા માટે અત્રેની કોર્ટને કોઇ કારણ જણાતું નથી. જેથી આરોપીની ગુના કબૂલાત ગ્રાહ્ય રાખવામાં આવે છે.

(૩) આરોપીને સજા અંગે પુછતા જણાવેલ છે કે, આરોપી ગરીબ વર્ગના છે, સદર ગુના બદલ અફસોસ વ્યકત કરી દયાની માંગણી કરે છે. આમ, આરોપીની ગુના કબૂલાત સ્વૈચ્છીક હોવાનું જણાય આવે છે. આરોપીનો ગુનો કરવાનો ઇરાદો ન હોવાનું તથા આરોપીની આર્થિક, સામાજિક પરિસ્થિતિ સારી નથી, તેવું જણાવેલ છે તથા ગુનો કર્યાનો આરોપીને અફસોસ છે તેવી રજૂઆત તથા ગુનાનો પ્રકાર અને ગંભીરતા ધ્યાને

લીધી. ***નામ. ગુજરાત હાઈકોર્ટના નટવર હરચંદ વિ. સ્ટેટ, જી.એલ.આર. ૨૦૦૫, પેજ નં. ૭૦૯*** ના ચુકાદામાં કરવામાં આવેલ અવલોકન ધ્યાને લેતા હાલના કેસમાં પણ ન્યુનતમ સજા કરતા ઓછી સજા કરવી ન્યાયોચિત જણાય આવે છે, અને તેથી ગુનાનો પ્રકાર અને સ્વૈચ્છિક કબૂલાતની હકીકતો ધ્યાને લેતા કાયદામાં નિર્દિષ્ટ પુરેપુરી સજા નહી, પરંતુ આરોપીને તેઓની સામેના ગુનાઓનો પ્રકાર વિગેરે ધ્યાને રાખી ઓછી સજાનો હુકમ કરવાનું યોગ્ય જણાય છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આ કામના આરોપીને **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૬૪** અન્વયે **ધી ગુજરાત પ્રોહિબિશન એકટની કલમ–૬૫(એ)(એ)** મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી આરોપીને **રૂા. ૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા)** નો દંડ, જો દંડ ન ભરે તો **દિન–૩** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરેલ પ્રોહી. મુદ્દામાલનો અપીલ સમયબાદ નિયમોનુસાર નાશ કરવો અને કિંમતી મુદ્દામાલ બાબતે વચગાળાનો હુકમ હોય તો તે કાયમ રાખવો અન્યથા સદર મુદ્દામાલના માલિકની ખરાઈ કરી તેના માલિકને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ નેશનલ લોક–અદાલતની સ્પેશીયલ સિટિંગમાં જાહેર કર્યો.

સ્થળ :– નવસારી.
તા. ૧૪–૩–૨૦૨૬

**(એચ.એસ. ચાવડા)**
અધિક જયુડી.મેજી. ફ.ક.
નવસારી.

**રૂા. ૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા)** નો દંડ રસીદ નં.________થી તા. ૧૪–૦૩–૨૦૨૬ ના રોજ લીધેલ છે.

**(સુપ્રિટેન્ડેન્ટ)**
અધિક જયુડી.મેજી. ફ.ક. કોર્ટ,
નવસારી.